મોરબી મહાનગરપાલિકા
પ્રાણી રંજાડ અંકુશ શાખા
ગાંધીચોક, મોરબી – ૩૬૩૬૪૧.
E-MAIL: commi-mmc-mor@gujarat.gov.in, ટેલીફોન નં.: ૦૨૮૨૨-૨૨૦૫૫૧

# ઢોર નોંધણી ફોર્મ

1. પશુ રાખનાર માલિકનું પૂરું નામ:
2. પશુ રાખનાર માલિકનું પૂરું સરનામું:
3. સંપર્ક નંબર:
4. આધાર કાર્ડ નંબર:
5. ધંધો:
6. ઢોર તબેલાનું સ્થળ:
7. ઢોર રાખવાની જગ્યા પાકી છે કે નહીં?
8. ઢોર રાખવાની જગ્યા જમીનની છત/છાપરાની ઉંચાઇ (ફૂટમાં):
9. સદરહુ જગ્યામાં હવા ઉજાસની પુરતી વ્યવસ્થા છે કે નહીં?
10. ઢોર રાખવાની જગ્યાની દીવાલ ભોંયતળિયાંની ત્રણ ફૂટ ઉંચાઇ સુધી પાકી છે કે નહીં?
11. ઢોર રાખવાની જગ્યામાં મહાનગરપાલિકાનું નળ/ગટરનું જોડાણ છે કે નહીં?
12. ઘાસ ચારો ખવડાવાની અને પાણી પીવડાવવાની વ્યવસ્થા છે?
13. છાણ/કચરાના નિકાલની વ્યવસ્થા છે?
14. ફરતી બાજુ કમ્પાઉન્ડ દીવાલ/ફેન્સીંગની વિગત:
15. ઢોરની સંખ્યા:
16. ઢોરને રાખવાની પુરતી જગ્યા છે કે કેમ?
17. ઢોરનો ઉપયોગ વ્યક્તિગત ધોરણે/વ્યવસાયિક:
18. અગાઉ કોઈ નોંધણી કરાવેલ છે કે નહીં?
19. જો હોય તો ઓળખ નંબર:
20. ઢોર રાખવા માટેની માલિકીની જગ્યાની વિગત: ................ ચો. ફુટ
21. ઢોર રાખનાર ઢોરની સંખ્યા:
    - ગાય/બળદ/ખૂટ:
    - વાછડા/વાછડી:
    - ભેસ:
    - પાડા/પાડી:
    - ગધેડા/ઘોડા:
    - અન્ય:

## <u>ફોર્મ સાથે નીચે મુજબના આધાર-પુરાવા સાથે રાખવા</u>

1. આધારકાર્ડની નકલ
2. આધારકાર્ડથી સરનામું અલગ હોવાના કિસ્સામાં સરનામાના આધાર પુરાવા: રેશન કાર્ડ/ચુંટણી કાર્ડ/લાઇટ બિલ/ફોન બિલ/ગેસ બિલ (કોઈ પણ એકની નકલ)
3. પશુઓ રાખવા માટેની જગ્યાની માલિકીનો આધાર: છેલ્લા વર્ષમાં ભરેલ વેરાબીલ, દસ્તાવેજની નકલ, અન્ય સરકારી માન્ય આધાર (કોઈપણ એકની નકલ)

## <u>એકરારનામું</u>

ખાતરી પૂર્વક જણાવું છું કે, મેં જે ઢોરો રાખવા અંગે જરૂરી પરવાનો મેળવવા અરજી કરેલ છે તેમાં જણાવેલ તમામ ઢોરો મારી પોતાની માલિકીના છે. આ સાથે સામેલ શરતોનું પાલન કરવાની હું બાહેંધરી આપુ છું.

તારીખ:

____________________

(ઢોર રાખનારની સહી)

____________________

(નામ)

## શરતો:

1. શહેરમાં વસતા પશુપાલકોએ ચોપગા પશુઓ રાખવા માટેની પરવાનગી પરમીટ/લાયસન્સ લેવાનું રહેશે.
2. આ પરમીટ/લાયસન્સ ચાલુ હોય તે દરમિયાન જે ઉપયોગ માટે આ જાનવરો રાખવામા આવ્યા હોય તેની હકીકત પરમીટ/લાયસન્સ આપનારા અધિકારી અથવા તેમના તરફથી જવાબદાર વ્યકિત જ્યારે માંગે ત્યારે રજુ કરવી પડશે.
3. જે શખ્સના નામે પરમીટ/લાયસન્સ આપી હોય તે જ શખ્સ જગ્યાનો ઉપયોગ પશુ રાખવા માટે કરી શકશે. ઢોરના માલિકનો અથવા જગ્યાના માલિકની કોઈપણ ફેરબદલી થાય તો તે જગ્યાએ બીજા માલિકને ઢોર રાખવા માટે નવેસરથી પરમીટ/લાયસન્સ મેળવવી પડશે તથા મહાનગરપાલિકાને લેખિત જાણ કરવાની રહેશે.
4. પરમીટ/લાયસન્સ વાળી જગ્યા ઉપર દિવસ અથવા રાત્રે જેટલી સંખ્યામાં પશુઓ રાખવાની પરમીટ/લાયસન્સ માં છુટ આપેલ હોય તેટલા જ પશુઓ રાખી શકાશે. તેના કરતા વધારે સંખ્યામાં જાનવરો રાખી શકાશે નહિ.
5. પશુ માલિકો પાસે પરમીટ/લાયસન્સ હોવા છતા કોઈપણ ઇમારત અથવા તેનો કોઈપણ ભાગ માનવ વસવાટ માટે વપરાતો હોય અથવા વાપરવાનો ઇરાદો હોય તે રહેવાના ઘરમાં પશુઓ રાખી બાંધી શકાશે નહિ.
6. ઘાસ રાખવા માટે ઢોર રાખવાની જગ્યા ઉપરાંત વધારાની અલગ જગ્યા મહાનગરપાલિકાના પરમીટ/લાયસન્સ આપનાર અધિકારી સુચવે તે મુજબની રાખવી પડશે.
7. પરમીટ/લાયસન્સ વાળી જગ્યાએ ધોવા માટે તેમજ જાનવરોને માટે પાણીના જથ્થા સંગ્રહની પુરતી વ્યવસ્થા રાખવી પડશે.
8. પરમીટ/લાયસન્સ ધરાવનારને ઢોરોનો કચરો, છાણ એકત્ર કરવા માટે ઢાંકણ સહિત ઢોર રાખવાની જગ્યામાં નજીકમાં રાખવાનું રહેશે. દૈનિક બે વખત સાફ સફાઈ રાખવી પડશે. પરમીટ/લાયસન્સ આપનાર અધિકારી

સુચવે તે જગ્યાએ છાણ કચરો વિગેરેનો નિકાલ કરવો પડશે. પરમીટવાળી જગ્યાની ગટરમાં છાણ વહેવડાવી શકાશે નહિ.

9. પરમીટ/લાયસન્સ ધરાવનાર કોઈપણ માલિકના જાનવરને જાહેર રસ્તા,ફૂટપાથ ,કોમન અવર – જવરની જગ્યા વિગેરેમાં પરમીટ/લાયસન્સ વાળી જગ્યા બહાર રાખશે અગર બાંધશે. અગર ઢોરોને રખડતા ભટક્તા રાખશે તો તેની પરમીટ/લાયસન્સ રદ કરવામાં આવશે.
10. પરમીટ/લાયસન્સ ની જગ્યા ઉપર પુરતા પ્રમાણમાં હવા ઉજાસ તેમજ સુર્ય પ્રકાશ પડે તેવી વ્યવસ્થા રાખવી પડશે.
11. જે પરમીટ/લાયસન્સ વાળી જગ્યા ઉપર દૂધાળા ઢોર રાખવાના હશે તો ધી જી.પી.એમ.સી.એક્ટ , ૧૯૪૯ ની કલમ ૩૭૬(૧) મુજબ અલાયદું લાયસન્સ લેવાનું ફરજીયાત રહેશે.
12. પરમીટ/લાયસન્સ ધરાવનાર શખ્સ પરમીટ વાળી જગ્યાએ ઢોર રાખવા માટે ભોયતળિયાથી છત સુધીની યોગ્ય ઉંચાઇની જરૂરી જગ્યા રાખવી પડશે.
13. પરમીટ/લાયસન્સ ધરાવનારનું કોઈપણ જાનવર ચેપી રોગથી પીડિત હશે તો તેની વેટેરનરીયન પાસે સારવાર કરાવી તે બાબતની જાણ મહાનગરપાલિકાના અધિકારીને ૨૪ કલાક આપવી પડશે અને સદરહું ઢોર આ જગ્યાએથી ખસેડવા માટે તાકીદે પગલા લેવા પડશે. (સેગ્રીગેશન ઓફ સીક એનિમલ ફ્રોમ હેલ્દી વન્સ)
14. પરમીટ/લાયસન્સ ધરાવનાર શખ્સ દ્વારા તેમના તાબા હેઠળના રાખવામા આવેલ પરમીટ મુજબ તમામ ઢોરોમાં ઋતુ(સિઝન) પ્રમાણે પશુઓમાં થતા રોગચાળા હટાવવા માટે પશુ રોગ વિરોધી તમામ રસીકરણ સમયાંતરે કરાવવાનું રહેશે.
15. પરમીટ/લાયસન્સ વાળી જગ્યાનો કોઈપણ માનવજાત મનુષ્યની સુવા માટે વાપરી શકાશે નહિ અથવા તેના રહેણાંક ઉપયોગ કરવો હિતાવહ નથી.
16. પરમીટ/લાયસન્સ ધરાવનારે પરમીટવાળી જગ્યા ઉપર લાઇટ,પાણી,ગટર અથવા ગટરના સાધનોને ચાલુ સ્થિતિમાં રાખવા પડશે.
17. પરમીટ/લાયસન્સ વાળી જગ્યાની સીલીંગ તથા દીવાલો પરમીટ આપનાર અધિકારીને જરૂરી જણાય તો વધુ વખત સમગ્ર જગ્યાની ધોવડાવી ડીસીન્ફેકશન કરી,રંગરોગાન(ચૂનો) દર વર્ષે કરવાનો રહેશે.
18. પરમીટ/લાયસન્સ ધરાવનાર શખ્સ પરમીટ વાળી જગ્યામાં રાખવામા આવેલ ઢોર તથા જગ્યાની તપાસ કરવા પરમીટ/લાયસન્સ આપનાર અધિકારી અથવા તેમના તરફથી સત્તા આપવામાં આવેલ અધિકારીને કે અન્ય સરકારી અધિકારીને તપાસ કરવા દેવા સંપૂર્ણ અને સહકાર આપશે.
19. પરમીટ/લાયસન્સ ધરાવનાર શખ્સને તેમના તબેલા માટે મેળવેલ પરમીટ અને લાયસન્સને ફ્રેમમાં જડી તપાસ કરનાર અધિકારીને સ્પષ્ટ રીતે દેખાય તે રીતે લટકાવવાનું રહેશે.
20. પરમીટ/લાયસન્સ ધરાવનારે, પરમીટ આપનાર અધિકારી સુચવે તે મુજબ પશુઓ તથા પશુ માલિકની નોધણી તથા ઢોર માલિકની ઓળખ તથા ઢોરના ઓળખ માટે ઓળખનો પત્ર આઇડેન્ટીફિકેશન માર્કિંગ ઈયર ટેગીંગ, RIFD ચીપ વિગેરે તૂટફૂટ કે નુકશાન ના થાય તે રીતે અને તે કાયમ સારી હાલતમાં જાળવવું પડશે.
21. પરમીટ/લાયસન્સ ધરાવનાર શખ્સ તેમની ગાયો, ભેસો વિગેરેને જાહેર રસ્તા, ફૂટપાથ શેરીઓમાં અવર જવરની કોમન જગ્યામાં ઉભા રાખી અથવા બાંધી દૂધ દોહી શકશે નહિ અને જો કોઈ પરમીટ/લાયસન્સ ધરાવનાર આવું કૃત્ય કરતાં તપાસ અધિકારીના ધ્યાન પર આવશે તો તેના જાનવરો પકડી ઢોરડબ્બા ખાતે મોકલાવી પરમીટ/લાયસન્સ રદ કરી, ઢોર માલિક સામે વિવિધ કાયદાકીય જોગવાઈ મુજબ કાયદેસર ર્ની કાર્યવાહી હાથ ધરશે.

22. નાના જાનવરો માં ઘેટાં, બકરા, શ્વાન, ડુક્કર તથા મોટા જાનવરોમાં ગાય, ભેસ, બળદ, પાડા, પાડી , વાછડી, વાછડા, ઘોડા, ગધેડા, ખચ્ચર, ઊંટ, ટટ્ટ, હાથી વિગેરે નો સમાવેશ થાય છે .
23. મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલા તમામ પશુપાલકોના કબજા હેઠળના જાનવરો માટે જાનવર દીઠ રૂ० ૨૦૦/-
24. રજીસ્ટ્રેશન ફી વસૂલ કરી પશુ રાખવા માટેની  તેઓની જગ્યાના આધાર પુરાવા મુજબ તપાસી જગ્યાની જોગવાઈના આધારે ધારા ધોરણ મુજબ પશુ રાખવાના રહેશે.પશુ માલિક તથા પશુઓની નોંધણી કરાવી RIFD તથા વિઝયુઅલ ટેગ દ્વારા જાનવરો માટે નિયત જગ્યાની જોગવાઈઓના પ્રમાણમાં પશુઓની કાયમી રજીસ્ટ્રેશન કરવું તથા તે સિવાયના જાનવરોનું  RIFD તથા  વિઝયુઅલ ટેગ દ્વારા કામચલાઉ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.
25. મહાનગરપાલિકા દ્વારા જાહેર થાય ત્યારથી જે પશુમાલિકો પાસે પશુ રાખવાની જગ્યા નથી તે તમામ પશુપાલકોને પોતાના આવા કામચલાઉ રજીસ્ટ્રેશન વાળા જાનવરો માટે નિયત સમય મર્યાદામાં શહેર હદ વિસ્તારમાથી દૂર અન્યત્ર ખસેડી લેવા વૈકલ્પિક વ્યવસ્થા કરવા પશુપાલક/ પશુમાલિકે દિન-૬૦ માં સ્વખર્ચે પશુઓને દૂર કરી મહાનગરપાલિકાને જાણ કરવાની રહેશે.
26. જો તેઓ દ્વારા આવા પશુઓ દુર કરવામાં નહિ આવે તો સમય મર્યાદા પૂર્ણ થયેથી આવા પશુઓને પકડીને કાયમી ધોરણે જપ્ત કરવામાં આવશે.
27. મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલા તમામ પશુપાલકોના કબજા હેઠળના જાનવરોને પોતાની જગ્યામાં નિભાવવાની વ્યવસ્થા કરવાની રહેશે.
28. શહેરમાં પશુ રાખવા સબંધી વિવિધ પ્રકારના તમામ સરકારી ધારા-ધોરણો, કાયદાની જોગવાઇઓ, મ્યુનિસિપલ કમિશનરશ્રી, પોલીસ કમિશનરશ્રી/પોલીસ અધિકક્ષકશ્રી ના જાહેરનામાં, હુકમોનું પાલન કરવાનું રહેશે.
29. ઢોરવાડા/પશુવાળા બાબતે સદર ઢોરાવાળા/પશુવાળા ની આજુબાજુ વસવાટ કરતાં નાગરિકોને કોઈપણ પ્રકારે જોખમ/ન્યૂસન્સ/ત્રાસ પેદા થશે નહિ તેની ખાસ કાળજી રાખવાની રહેશે.સદર ઢોરાવાળા/પશુવાળા થકી કોઈપણ પ્રકાર જો કોઈ જોખમ કે ત્રાસ અંગે રજુઆત આવશે તો તે તાત્કાલિક દુર કરવાની વ્યવસ્થા કરવાની રહેશે.જો તેમ કરવામાં નિષ્ફળ નીવડે તો સદર ઢોરવાળા/પશુવાળા નો પરમીટ/લાયસન્સ રદ કરવામાં આવશે.
30. પરવાનો ધરાવનારા કોઈપણ જાનવરને પરવાનાવાળી જગ્યાની બહાર રાખશે અગર બાંધશે અગર ઢોરને રખડતા રાખશે તો તેનો પરવાનો રદ કરવામાં આવશે.
31. પરવાનામાં દર્શાવેલ/મંજૂર કરેલ ઢોરની સંખ્યા પ્રમાણે તમામ ઢોરને મહાનગરપાલિકા નિયત કરે તે ઓળખની નિશાની પહેરાવવાની કે લગાડવાની રહેશે. તથા હમેશાં નિભાવવાની કે જાળવવાની રહેશે. પરવાનો આપનાર અધિકારી સુચવે તે મુજબ પરવાનો ધરાવનારે ઢોરની ઓળખ માટે ઢોર ઉપર ઓળખપત્ર(આઈડીન્ટીફિકેશન) લગાવવું પડશે. અને તે કાયમ સારી હાલતમાં જાળવવાનું રહેશે.
32. મહાનગરપાલિકા વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળે અથવા રોગચાળો ફાટવાની સંભાવના હોય તેવા સંજોગમા સદર પરવાનો રદ કરવાનો અબાધિત અધિકાર પરવાનો આપનાર અધિકારીને રહેશે.
33. પરવાનો/પરમીટ/લાયસન્સ અંગે ઉપર જણાવેલ શરતો અને બોલીઓ ઉપરાંત સક્ષમ સત્તા દ્વારા સમયાંતરે થતા ફેરફારને પાલન કરવાના રહેશે.
34. ઉપરોક્ત જણાવેલ કોઈપણ શરતનો ભંગ થવાના પ્રસંગે પરવાનો પરમીટ/લાયસન્સ રદ કરવામાં આવશે.
35. દરેક મોટા પ્રકારના પશુઓ માટે ઓછામાં ઓછું પશુ દીઠ ૬૦ ચો.કુટ તથા દરેક નાના પ્રકારના (ઘેટાં -બકરા વર્ગના) પશુઓ માટે ઓછામાં ઓછું પશુ દીઠ ૧૨ ચો.ફૂટનું ક્ષેત્રફળ રાખવું પડશે.

36. પરમીટ/લાયસન્સમાં મંજુર કરેલ પશુની સંખ્યાના તમામ પશુને ઓળખ નિશાની કોર્પોરેશન નિયત કરે તે પહેરાવવાની કે લગાડવાની રહેશે .

37. રીન્યુઅલ ફી રૂ૦ ૧૦૦/- પ્રતિ માસ લેટ ફી ચુક્વવાની રહેશે.

____________________________

(ઢોર રાખનારની સહી)